વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના પાંચ નિગમોને
યોજનાકીય કામગીરી માટે સીધા ધિરાણ હેઠળ ફંડનો
વહીવટી મંજૂરી આપવા બાબત
વર્ષ ૨૦૧૯-૨૦ રૂ.૭૮૦૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૯/૧૦૫૪૭૬/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૧/૦૩/૨૦૧૯

**આમુખ:**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતિ અને વિમુક્ત જાતિ અને લઘુમતિ વર્ગના ઉદ્યોગ સાહસિકોને રાજ્ય સરકારના ફંડ દ્વારા સીધા ધિરાણ યોજના અંતર્ગત નાના ઉદ્યોગ ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા માટે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં રૂ.૭૮૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ:-**

૨. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, રબારી અને ભરવાડ જાતિના ઇસમો, ઠાકોર અને કોળી જાતિના ઇસમો, વિચરતિ અને વિમુક્ત જાતિના ઇસમો તેમજ લઘુમતી જાતિના ઇસમોને રાજ્ય સરકારના ફંડ દ્વારા સીધા ધિરાણની યોજના અંતર્ગત નાના ઉદ્યોગ ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા માટે (૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ (૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ (૩) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ (૪) ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ અને (૫) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને કુલ રૂ.૭૮૦૦/- લાખની સીધા ધિરાણની યોજના હેઠળની લોનને નીચે જણાવેલ શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ની જોગવાઇને આધીન અને નાણાં વિભાગ ધ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખઓ-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) લોન આપવાના દર અને પરત ચૂકવણીની શરતો અંગે જાહેર સાહસ બ્યુરો(નાણાં વિભાગ)ની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૨) વિકસતિ જાતિ કલ્યાણ હસ્તકનાં નિગમોની કામગીરી તથા જરૂરિયાતને ધ્યાનમાં રાખી સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ સંબંધિત નિગમોને લોન સહાયની વહેંચણી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં. ૯૨ મુખ્ય સદર-૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર -03 પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર–૮00 અન્ય લોન, પેટા સદર- (0૮) ઓબીસી-૨૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને લોન હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.)ની તા.0૮/03/૨૦૧૯ની નોંધ તથા અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૧૧/03/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ.એમ.ઘાંચી )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ,ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૯